દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૫ જૂન, ૨૦૨૬

# અલનીનોની અસર વહેલી શરુ થઈ જતાં ચોમાસાને મોડું થઈ રહ્યું છે

સામાન્ય રીતે 15 જૂનના રોજ રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ જતું હોય છે, પરંતુ આ વખત કેટલીક હવામાન સંબંધિત હલચલને કારણે રાજ્યમાં ચોમાસાનું આગમન મોડું થાય તેવી સંભાવના અગાઉ વ્યક્ત કરાઈ હતી. જો કે ચોમાસું મોડું પડતાં આકાશમાં તો વાદળ નથી છવાયાં પરંતુ ખેડૂતો પર સંકટના વાદળ ચોક્કસ છવાઇ ગયા છે. ચોમાસું છેલ્લા આઠ દિવસથી કર્ણાટક અને કેરળની વચ્ચે અટકી ગયું છે. સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસું 10 જૂનની આસપાસ શરુ થઇ જાય છે. તેનાથી વહેલું થાય છે પરંતુ મોડું ક્યારેય પણ નથી થતું. જેથી ડાંગરની રોપણી કરી ચૂકેલા ખેડૂતો ચિંતામાં મૂકાઇ ગયા છે.


હવે ભારતના હવામાન વિભાગે રાજ્યમાં આગામી દિવસોમાં હવામાનની આગાહી અને વરસાદની આગેકૂચ અંગે માહિતી જાહેર કરી છે.અલ-નીનોની પરિસ્થિતિની શરૂઆત પ્રશાંત મહાસાગરમાં થઈ ચૂકી છે. ભારતનાં હવામાન વિભાગ અને વિશ્વની અન્ય સંસ્થાઓએ પણ અલ-નીનો શરૂઆત થયાની વાતની પુષ્ટિ કરી છે. નોંધનીય છે કે અલ-નીનોની શરૂઆત જુલાઈમાં થવાની શક્યતા હતી, પરંતુ હવે તેની શરૂઆત જૂન માસમાં જ થઈ ચૂકી છે. અનુમાન છે કે આ વખતનું અલ-નીનો અત્યંત મજબૂત હશે, આ પહેલાંના અલ-નીનો કરતાં પણ આ વખતની પરિસ્થિતિ અત્યંત મજબૂત હશે.

જ્યારે પણ અલ-નીનો બને, વધુ મજબૂત બને ત્યારે તેવી શક્યતા વ્યક્ત કરાય છે કે ચોમાસામાં વરસાદનું પ્રમાણ ઘટશે.આ વખતે ભારતના હવામાન વિભાગ, ખાનગી વેધર એજન્સી સ્કાયમેટ અને વિશ્વની અન્ય સંસ્થાઓએ પણ ભારતમાં સરેરાશ કરતાં ઓછા વરસાદની આગાહી કરી છે. તેનો અર્થ એ છે કે આ વખતે ચોમાસું થોડું નબળું પડવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. પરંતુ અલ-નીનોની પરિસ્થિતિ જ ભારત પર ચોમાસાને અસર કરતું એકમાત્ર પરિબળ નથી, તે માટે બીજાં પણ પરિબળો જવાબદાર હોય છે. તેથી ઘણી વખત એવું પણ બને છે કે અલ-નીનો હોવા છતાં કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ થઈ જાય છે. આ ઉપરાંત, અલ-નીનો બને ત્યારે વિસ્તાર પ્રમાણે તેની અસર અલગ અલગ હોય છે. તેથી ઘણી વખત એવું પણ બને કે ભારતમાં સામાન્ય કરતાં સરેરાશ ઓછો વરસાદ નોંધાય, પણ કેટલાક વિસ્તારોમાં ચોમાસું સારું રહે એવી પણ શક્યતાઓ છે. તેથી એવું જરૂરી નથી કે સમગ્ર ભારત કે ગુજરાતમાં ચોમાસું સાવ ખરાબ જશે. હવામાન વિભાગની આગાહી અનુસાર, 14 જૂનના રોજ સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ ખાતે છૂટાંછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત રાજ્યના મોટા ભાગના અન્ય જિલ્લામાં શુષ્ક હવામાન રહી શકે છે. તેમજ 15 જૂનના રોજ છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ ખાતે છૂટાંછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. તેમજ બાકીના અન્ય જિલ્લામાં મોટા ભાગે શુષ્ક હવામાન રહી શકે. આગાહી મુજબ, 16 જૂનના રોજ દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ ખાતે છૂટાંછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. ગુજરાતના આ સિવાયના જિલ્લામાં મોટા ભાગે શુષ્ક હવામાન રહી શકે. દક્ષિણપશ્ચિમ ચોમાસું આગામી બે-ત્રણ દિવસ દરમિયાન કર્ણાટક, તેલંગાણા, આંધ્ર પ્રદેશના બાકીના ભાગો, ઓડિશાના કેટલાક વધુ ભાગો અને દક્ષિણ છત્તીસગઢના કેટલાક વધુ ભાગો પર આગળ વધે તે માટેની સાનુકૂળ સ્થિતિ છે.

## બુક-લુક

### લોકકલા અને અન્ય વિષયોની રોચક માહિતી

અખબારની કોલમ અનેક પ્રકારનું વિષય વૈવિધ્ય માંગે છે. દુર્ગેશ ઉપાધ્યાય ઘણા વર્ષોથી અખબારો માટે કોલમ લેખન કરે છે અને તે નિમિત્તે





એમનો અભ્યાસ પ્રગટ થતો રહે છે. ‘વિવિધા’ પુસ્તકમાં તેમણે લોકકલા, લોકજીવન ઉપરાંત અન્ય થોડા વિષય પર રોચકતા અને માહિતીસભર રીતે લખ્યું છે. કાયાવરોહણનાં અદભુત શિલ્પો મંદિરોમાં રક્ષકદેવોનું મહત્વ કચ્છનાં બૂંગા, બંગડીના ઈતિહાસની રંગબેરંગી વાતોથી મોડી ધમાલ, ગવરી, ટીમલી જેવા નૃત્યોનો તેમણે પરિચય કરાવ્યો છે. કુલ ૨૩ લેખો છે અને પુસ્તકને સચિત્ર બનાવ્યું છે. લોકકલા, લોકસાહિત્ય પરનાં લેખોમાં જે અભ્યાસમાંથી સંદર્ભ લીધો હોય તે લખે તો અધિકૃતતા વધે. ખેર, વાંચકોને આ પુસ્તક વાંચવું ગમશે.

**પુસ્તક:** વિવિધા **લેખક:** દુર્ગેશ ઉપાધ્યાય, **પ્રકાશક:** અવનિકા પ્રકાશન, અમદાવાદ-૩૮૦૦૦૧

# સંગીતનાં રસિયાઓનું આ મહેફિલમાં સ્વાગત છે

વીત્યા દાયકામાં આપણે પંડિત જશરાજને, શિવકુમાર શર્માને, તબલાવાદક ઝાકીરહુસેનને, પંડિત રાજન મિશ્ર, પંડિત બિરજુ મહારાજ, વિદુષી કિશોરી અમોનકર અને ઉસ્તાદ રાશિદ ખાનને ગુમાવ્યા પછી શાસ્ત્રીય ગાયન-વાદન અને નૃત્યનાં ક્ષેત્રમાં મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. આ ક્ષેત્રમાં હવે જેને ખરા અર્થમાં લિજેન્ડ્સ કહીએ એવાં કેટલાં?


આવી ઉદાસી વચ્ચે સરોદવાદક ઉસ્તાદ અમજદ અલી ખાને શાસ્ત્રીય સંગીતનાં કેટલાંક મહાન સંગીતકારોનાં આલેખેલાં સ્મરણોનું પુસ્તક પ્રગટ કર્યું છે. ‘સૂર કે સિતારે’, સરોદવાદક ઉસ્તાદ હાફિઝ અલી ખાનના વાદનવારસાને નવું ગૌરવ આપનાર અમજદ અલી ખાને આ પુસ્તકમાં કેસરબાઈ કેરકર, બડે ગુલામ અલી ખાં, અમીર ખાન, બેગમ અખ્તર, એમ.એસ. સુબ્બુલક્ષ્મી, બિસ્મિલ્લાહ ખાન, અલ્લા રખા, પંડિત રવિશંકર, ભીમસેન જોશી, કિશન મહારાજ, કુમાર ગંધર્વ અને વિલાયત ખાનનાં એવાં સ્મરણો આલેખ્યાં છે જે વાચકને રસતરબોળ કરવા સાથે એ મહાન પરંપરા-સર્જકોની વિલક્ષણ જીવનશૈલી અને સંગીત-સાધનાનો પરિચય કરાવે છે. આરંભે બત્રીસ પૃષ્ઠનો સઘન પરિચય આલેખી અમજદ અલી ખાને ભારતીય શાસ્ત્રીય સંગીત-ગાયનની સમૃદ્ધ પરંપરાના વિશેષ તારવ્યા છે અને કહે છે કે ‘‘ભારતીય શાસ્ત્રીય સંગીતનું ભવિષ્ય હંમેશા ઉજ્જવળ રહેશે’’. તેઓ ઉમેરે છે કે ‘‘ભારતીય શાસ્ત્રીય સંગીત હંમેશા આપણી ઓળખનો અખંડ હિસ્સો રહ્યું છે અને આગળ પણ રહેશે’’ અને તેના કારણ આપતાં ઉમેરે છે કે, ‘‘તે કેવળ મનોરંજનના જગતથી જોડાયેલું નથી, તે તો નિષ્ઠા, સમર્પણ,આસ્થા, વિશ્વાસ, આધ્યાત્મિકતા, ધર્મ અને કઠોર સાધના અને અનુશાસન આધારિત જીવનશૈલી છે. આ પરિચય શાસ્ત્રીય ગાયન-વાદનનાં વર્તમાનનોય પરિચય કરાવે છે અને કઈ કઈ રીતે કળાકીય અને સાંસ્કૃતિક ગૌરવ રૂપે મહાન સંગીતકારોની સાધના ઉભરતી આવી તે તરફ પણ ધ્યાન દોરે છે. તેઓ કહે છે કે, ‘‘વાસ્તવિક પ્રતિભાને કોઈ નહીં દબાવી શકે અને ઈશ્વરના આશીર્વાદનો કોઈ તર્ક પણ નથી’’!




**પુસ્તક:** સૂર કે સિતારે
**લેખક:** અમજદ અલી ખાન,
**પ્રકાશ:** પેંગ્વિન બુક્સ, પેંગ્વિન રેન્ડમ, હાઉસ ઈમ્પ્રિન્ટ,
299/-

કેસરબાઈ કેળકર વિશે લખતાં ભૂમિકા માંડે છે, ‘‘કેટલાંક ગણ્યાં-ગાંઠયાં લોકો હોય છે, જેમનામાં અસાધારણ ક્ષમતા હોય છે અને માનવસંસ્કૃતિના વિભિન્ન આયામોમાં તેમની ઉપલબ્ધિ અમીટ છાપ છોડે છે અને ઈતિહાસમાં સીમાચિહ્ન સ્થાપે છે. સૂરશ્રી કેસરબાઈ કેળકર ભારતીય શાસ્ત્રીય સંગીતના ઈતિહાસમાં એવું જ એક ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ છે, ‘‘આખો લેખ વ્યક્તિચિત્ર બનવા સાથે અમજદઅલી ખાંના આદર-સન્માનમાં પ્રગટતી ભાષા પણ બને છે. લગભગ દરેક વ્યક્તિચિત્રો સ્મરણચિત્રો બને છે કારણકે બચપણથી સ્વયં લેખક એ બધાને પોતાના ઘરે ચા- ગાયન-વાદનની મહેફિલોમાં મળતા રહ્યા છે. આજે આવાં સ્મરણો લખી શકે એવાં કેટલાં? અમીર ખાનને તેઓ સંગીતકારોમાં સંગીતકાર તરીકે ઓળખાવ્યા પછી નાની નાની વિગતો સાથે મહાનતા સ્થાપી આપે. બડે ગુલામ અલી ખાં સાહેબને તેઓ ચમત્કાર કહે છે અને નોંધે છે કે તેમની પ્રતિભા જીવનકાળ દરમિયાન લોકો પામી ન શક્યાં. અમજદઅલી ખાં એ ખાં સાહેબની એક વાત લખે છે, તેમણે કહેલું, ‘‘અચ્છા ખાઓ, ખૂબ રિયાઝ કરો લેકિન ઔલાદો કે લિયે બેન્કમેં પૈસા મત છોડના નિકમ્મે હો જાતે હૈ. બેગમ અખ્તરના સંગીત સમારોહની વિશેષતા લખતાં કહે છે, ‘શ્રોતાઓની સંખ્યા ચાહે જેટલી પણ હોય, દરેકને લાગતું હતું કે જાણે તે ફક્ત તેમના (શ્રોતા) માટે જ ગાઈ રહી છે. ‘અલ્લારખા વિશે લખતાં ‘અલ્લા રખા, કિશન મહારાજ અને સમતાપ્રસાદ-ત્રણે તબલાવાદક કળાની ત્રિમૂર્તિ હતા. લખે છે, ભીમસેન જોશી વિશે, ગાયન તેમના માટે પ્રાણાયામ સમું હતું અને સંગીત પ્રસ્તુતિ પછી તેઓ પૂર્ણપણે ફરી ઊર્જાથી ભરાઈ જતા. ‘તો શરણાઈવાદક બિસ્મિલ્લાહ ખાન વિશે કહે છે, ‘‘બિસ્મિલ્લાહ ખાનના સંગીતમાં જીવંતતા હતી. આ તત્ત્વ કલાકારનાં ડીએનએ એટલે કે તેમના વ્યક્તિત્વમાં હોય છે, ઘણાં સંગીતકાર એવાં હોઈ શકે છે, જે જ્ઞાનથી ભરેલા વિદ્વાન અને ઉસ્તાદ હોય, પણ એવાં ગણ્યાં-ગાંઠયાં હોય છે, જેમના સંગીતમાં જીવંતતા અને કલ્પના મોજૂદ હોય!

જો તમે સંગીતનાં રસિયા છો તો આ પુસ્તક છોડશો નહીં. વાંચો ને મનની મહેફિલ ભરી દો.



**અક્ષરની આરાધના**
**સંપાદન: બકુલ ટેલર**

## કથા કથન

***મનુભાઈ પંચોળી ‘દર્શક’ તેમની ‘દીપનિર્વાણ’, ‘ઝેર તો પીધાં છે જાણી જાણી’ માટે જાણીતા છે તેમ ‘સોક્રેટિસ’નો પણ ઘણો મહિમા થયો છે. 1974માં તે પ્રથમ વાર પ્રગટ થઈ અને ત્યાર પછી તેની અનેક આવૃત્તિઓ થઈ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ‘ઈતિહાસનું ભવ્ય વિસ્મયપર્વ’ કહી તેને આવકારેલી.***

***અહીં તેમાંથી ઝીણી નજરે તારવેલા એ કથન છે જે સ્વતંત્ર સૂત્ર તરીકે વાંચી શકાય. નીપજ્યાં છે તે તો નવલકથાનાં પાત્ર સંઘર્ષ, ઘટના સંઘર્ષ નિમિત્તે’ પણ અલગ રીતે વાંચો તો ચિત્તમાં એના ઝણકાર અનુભવાશે.***

દેવતાઓના મર્મમાં શું છે તે જાણવાનું દેવે આપણને સોંપ્યું જ નથી! તે આપણા અધિકાર બહારનું છે! આપણે તો આપણા મનનું જ જાણીએ.
**પૃષ્ઠ-14**

જ્ઞાન એને જ કહું છું જેને આશરે આપણે અચંચલ, અનુદ્વેગકર, મૈત્રીપૂર્ણ થઈએ.
**પૃષ્ઠ-20**

સાચું લાગે છતાં ન કહેવું તે કાયરતા છે, નહીં કે વિવેક.
**પૃષ્ઠ-22**

વણલખ્યા કાયદાઓ પણ હોય છે અને તે પાળવા જોઈએ.
**પૃષ્ઠ-29**

જે અનશ્વર છે તેને અગ્નિ પણ કેમ નષ્ટ કરી શકે?
**પૃષ્ઠ-34**

ન્યાયની સમજાવટ અન્યાય થતો હોય ત્યારે અને ત્યાં જ કરવી જોઈએ.
**પૃષ્ઠ-72**

રાજપુરુષોને પણ સમાજસંચાલન વિષેનું, સમાજના સ્થાનનું અને તેના માર્ગનું જ્ઞાન હોવું જોઈએ, ગમે તે માણસ બેસી આડેધડ વાઢકાપ કરવા માંડે તે ન ચાલે.
**પૃષ્ઠ-75**

જે અહીં નાશ પામે છે તે છાયા છે, જે નથી નાશ પામ્યું કે નથી નાશ પામવાનું તે છે સત્ય.
**પૃષ્ઠ-134**

જીવે તે જીવ, વદે તે વાણી, પલાળે તે પાણી, તેમ સિધ્ધિ આપે તે સત્ય.
**પૃષ્ઠ-135**

પરણો કે ન પરણો બંને બાજુ પસ્તાવાનું છે. હા, એમાંથી શાણપણ આવતું હોય તો પસ્તાવોય ભલે થાય.
**પૃષ્ઠ-142**

ચિકિત્સકની ફરજ છે કે નિદાન નીકળે તે બતાવવું. રોગનો ઢાંકપિછોડો કરતા રહીને આરોગ્ય કેમ અપાય? આત્મવિવેચન વિનાનું જીવન વ્યર્થ છે.
**પૃષ્ઠ-142**

પ્રીતિ જ જીવનનું લવણ છે અને છતાં પ્રીતિ જ માણસને પાડે છે.
**પૃષ્ઠ-159**

યુધ્ધ મૂળે જ અકુદરતી છે. તેમાં છોકરાને બાપે દફનાવવો પડે છે.
**પૃષ્ઠ-166**

## હું પૂછું, તમે કહો

**(1) જે નવલકથામાં નર્મદાતટ અને ભેડાઘાટનું વર્ણન છે તે અશ્વિની ભટ્ટની નવલકથા કઈ?**
(ક) અંગાર (ખ) આશકા માંડલ
(ગ) કસબ (ઘ) ઓથાર

**(2) આપણા બહુ ઓછા અધ્યાપક જુદા જુદા રાજ્યમાં અધ્યાપક રહ્યા છે. પણ એક આપણા વિખ્યાત કવિ-વિવેચક છે અર્થશાસ્ત્ર અને ઈતિહાસના અધ્યાપક તરીકે કરાંચી, વડોદરા, અજમેર, પૂણેની કોલેજમાં અધ્યાપક રહેલા અને મુંબઈની વિલ્સન કોલેજમાં ગુજરાતી ભાષાસાહિત્યના માનાર્હ અધ્યાપક પણ રહેલા. કહો કોણ?**
(ક) હરિવલ્લભ ભાયાણી (ખ) ચન્દ્રકાંત બક્ષી
(ગ) સુરેશ હ.જોષી (ઘ) બળવંતરાય ઠાકોર

**(3) ‘કરણઘેલો’ના લેખક નંદશંકર મહેતાનાં પૌત્રી સાહિત્યકાર હોવા ઉપરાંત વડોદરાની એમ.એસ.યુનિ.ના કુલપતિ હતા અને તેમના પતિ ગુજરાતના મુખ્યમંત્રી હતા. કહો કોણ એ?**
(ક) શારદાબહેન મહેતા (ખ) હંસાબહેન મહેતા
(ગ) ગીતા મહેતા (ઘ) વિનોદિની નીલકંઠ

**(4) ચીખલીમાં જન્મેલા ઝીણાભાઈ રતનજી દેસાઈ કે જે હાઈકુ પ્રકારમાં કાવ્યસર્જન માટે ખૂબ જાણીતા હતા. તેમનું ઉપનામ શું હતું?**
(ક) સ્નેહરશ્મિ (ખ) જયભિખ્ખુ (ગ) કલાપી (ઘ) ધૂમકેતુ


**(5) લાભશંકર ઠાકરે કવિતાઓ લખવા ઉપરાંત નાટકોય લખેલાં. અહીં તેમાંનાં ત્રણ નાટકનાં નામ છે, ચોથું શીર્ષક સિતાંશુ યશન્દ્રે લખેલા નાટકનું છે. કહો તે ક્યું છે?**
(ક) મરી જવાની મઝા (ખ) પીળું ગુલાબ અને હું
(ગ) આ માણસ મદ્રાસી લાગે છે (ઘ) મનસુખલાલ મજેઠિયા

**જવાબ**
1-ઘ, 2-ઘ, 3-ખ, 4-ક, 5-ગ

# જોવા જેવું ને જોવા ન મળે તો વાંચવા જેવું નાટક ‘ખેલંદો’

**તમે ‘ખેલંદો’ નાટક જોયું છે?**

અરવિંદ જોશીના જાનદાર અભિનયમાં ભજવાયેલું, પ્રવીણ જોશી દિગ્દર્શિત ‘ખેલંદો’ જોનાર આજે ઘણા ઓછા હશે પણ જે છે તે એ આખા નાટકના સંવાદ સંભળાવી દે એવા હશે. એ નાટક પછી હિન્દીમાં ને ગુજરાતીમાંય ભજવાયું પણ આઈ.એન.ટી.ના નિર્માણની વાત જૂદી. મૂળ તો તે એન્થની શેફરનું ‘સ્લૂથ’ નાટક, જેના પરથી લોરેન્સ ઓલિવિયર અને માઈકેલ કેઈન અભિનીત ‘સ્લૂથ’ ફિલ્મ 1972માં બની હતી. ઉંદર-બિલ્લીની રમત શું કહેવાય તે ‘સ્લૂથ’ જોતાં સમજાય. 1970માં આ નાટકને ટોની એવોર્ડ મળેલો. આપણા મધુરાયે એ નાટકનું ‘ખેલંદો’




નામે એવું જ મારફાડ નાટ્યાંતર કરેલું. મહેસાણાની અસાઈલ સાહિત્યસભાએ આ નાટ્યપાઠ 2014માં પ્રગટ કર્યો છે. વાંચજો. વાંચવું શરૂ કર્યા પછી રોકી નહીં શકશો.

નાટકમાં બે પાત્ર છે- હીરક અને મહેશ. વાંચતાં વાંચતાં અનુક્રમે પ્રવીણ જોશી અને અરવિંદ જોશીને વિઝ્યુલાઈઝડ કરજો. નાટક દેખાવા, સંભળાવા લાગશે. એકની પત્નીના પ્રેમમાં બીજો છે ને જે બીજો છે તે પ્રેમી જરૂર છે પણ પૈસાવાળો નથી ને પતિ જે ભૂતપૂર્વ થવા માંગે છે તેની પાસે અઢળક ધન છે ને એવા ધનની, સાહ્યબીની તેણે પત્નીને ટેવ પાડી છે. તે પેલા પત્નીના પ્રેમીને કહે છે કે હું તને કહું એ રીતે મને લૂંટી લે ને પછી મારી પત્નીને તારી કર. પેલો શરૂમાં આવી યોજનામાં આવતો નથી પણ પેલો કલ્પનાશીલ લેખક છે તેની ભયાનક યોજનામાં પત્નીના પ્રેમીને શામિલ કરતો જાય છે અને સર્જાય છે એકબીજાને પછાડવાની રમત-જિંદગી અને મોતની કબડ્ડી કબડ્ડી.

‘કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો’ અને ‘કુમારની અગાસી’ નાટકના લેખક મધુરાયે પણ અહીં ભાષાની બાજી ખેલી જણાશે. એકબીજાને પછાડે એવી ચતુરાઈ, શઠતા, નિર્મમ રમતની ભાષા તેમણે જબરદસ્ત ત્રેવડથી રમાડી છે. નાટક વાંચવાના શોખીન ન હો તો પણ વાંચજો. ખુશ થઈ જશો.

**પુસ્તક:** ખેલંદો (નાટક)
**લેખક:** મધુરાય (એન્થની શેફરનાં ‘સ્લૂથ’ પરથી)
**પ્રકાશક:** અસાઈત સાહિત્યસભા, પો.બો. નંબર-31, ઊંઝા-384170
**કિંમત-** રૂા. 80/-

# પ્રેમચંદે બીજી પત્ની સામે પ્રથમ લગ્ન છુપાવ્યા હતા

***હિન્દીના મહાન લેખક પ્રેમચંદ (31 જુલાઇ 1880-3 ઓક્ટોબર 1936)ના દામ્પત્યજીવનનો એક કિસ્સો વર્ષા અડાલજાએ તેમની આત્મકથાની પ્રસ્તાવનામાં નોંધ્યો છે. પ્રેમચંદ એક વાર પરણેલા હતા પણ તે વાત છુપાવી બીજીને પરણેલા. પણ એકવાર આ વાતની ખબર બીજી પત્નીને થઇ તો તેણે પતિની મરજી વિરુધ્ધ થઇ પોતાની શોકયને પત્ર લખી કહ્યું કે તમે આવી જાઓ આપણે સાથે રહીશું.***

## આ છે જીંદગી

આપણા જીવનમાં પણ આવા પ્રસંગો બને છે અને ઉકેલી નથી શકતા ત્યારે તેમાં સંકળાયેલાં પાત્રોના જીવનમાં ઝેર ઘોળાતું હોય છે. સાહિત્યકારો તેમની ઊંડી સંવેદનશીલતા વડે આવા સંજોગોમાં વધારે ન્યાયી, સમાનુભૂતિથી ભરેલો માર્ગ શોધી કાઢે છે અથવા કહીએ કે શોધવો જોઈએ. આ કાંઈ સહેલું તો નથી. પ્રેમચંદનાં બીજાં પત્ની શિવરાનીની ઉદારતા પછીય ઉકેલ તો અધૂરો જ રહેલો. પણ આપણે સાહિત્યકૃતિ પાસે આપણા અંગત જીવનના કોયડાના ઉકેલની આશા રાખીએ તો શું ખોટી છે? સર્જકની સંવેદનશીલતા પોતાને મળેલા સમાજની કુટુંબની વ્યવસ્થાની આગળ જઈ મનુષ્યત્વના માર્ગે વ્યાપક રીતે સ્પર્શે એવા ઉકેલ શોધી શકે તો સાર્થકતા અનુભવાય.

પ્રેમચંદજીનાં બીજાં પત્ની શિવરાની દેવી 11 વર્ષની વયે લગ્નના 3 જ મહિનામાં વિધવા થયાં. એમના પિતાએ પુત્રીનાં બીજાં લગ્ન માટે અખબારમાં જાહેરખબર આપી. એના જવાબમાં પ્રેમચંદજી ફતેહપુર ગયા. શિવરાનીના પિતાને મળ્યા. એમના જમાઈ તરીકે પ્રેમચંદજી ગમ્યા અને એમને વાટખર્ચી આપી. એમનાં કુટુંબીઓની મરજી વિરુધ્ધ એમણે પુત્રીના લગ્ન કર્યાં.

શિવરાનીને સાસરે ગમતું નથી, અવારનવાર પિયર જાય છે. (પ્રેમચંદજી સાથે ઝઘડા પણ થાય છે.) સમય જતાં શિવરાનીને પુત્રી થાય છે. કમલા. એક બપોરે નાની કમલા બહાર દોડી ગઈ. એને પકડવા શિવરાની આવી તો જુએ છે પ્રેમચંદજી પાસે એક યુવાન છે તે એમને સતત આજીજી કરી રહ્યો છે, તમારી પ્રથમ પત્ની મારી બહેનને બોલાવીને સાથે રાખો. પ્રેચનંદજી સાળાને જીદપૂર્વક ના જ પાડે છે. આખરે એ નિરાશ થઈ ચાલી જાય છે.

શિવરાની આઘાતથી સ્તબ્ધ બની જાય છે. પતિએ પહેલી પત્નીની વાત છુપાવી જૂઠું બોલી મારી સાથે લગ્ન કર્યાં! શિવરાની પ્રેમચંદજી સાથેનો લાંબો સંવાદ લખે છે જેમાં એ પતિની ખબર લઈ નાંખે છે. તમે મારી સાથે છેતરપિંડી કરી. હવે તમે એને બોલાવી લો. અમે બંને સંપીને રહીશું. પણ પ્રેમચંદજી ઘસીને ના પાડે છે. શિવરાની સતત આગ્રહ કરે છે. પ્રેમચંદજી કહે છે, કમબખ્ત સાળો ક્યાંથી આવી ચડ્યો કે તું સાંભળી ગઈ અને મને દુનિયાભરનું સંભળાવી દીધું. તમે બે સ્ત્રી ઝઘડશો અને મને હેરાન કરશો. મારા બાપે લગ્ન કરાવ્યા હતા, મારો બાપ જાણે.

થાકી હારી શિવરાની એની શોકયને પત્ર લખે છે, પ્રિય બહેન, તમે જરૂર આવો. તરત વળતો જવાબ. હું જરૂર આવું પણ પતિ તેડવા આવે તો જ.

બે સ્ત્રીઓ તે પણ શોકય જે કદી મળી નથી. મળવાની પણ નથી. તેમની વચ્ચે પત્રનો મધુર સંબંધ બંધાય છે. બંને સ્ત્રીઓની કેવી ખુમારી. દલિત શોષિત સમાજની પીડાને વાચા આપનાર પ્રેમચંદજીના વ્યક્તિત્વનું એક બીજું જ પાસું ઉજાગર થાય છે. તો એક સ્ત્રીને બીજી અજાણી સ્ત્રીને થતા અન્યાય સામે અવાજ ઉઠાવ્યો તે પણ એ પતિના સંસર્ગથી શિવરાની ભણ્યાં અને 1937માં હંસનાં સંપાદિકા પણ બન્યાં.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિકસિત રાષ્ટ્ર માટે શિક્ષણની અનિવાર્યતા”

માનવીની સુખાકારી.વિકાસ તથા અર્થતંત્રનાં આધારે વિશ્વનાં દેશોને 3 વિભાગમાં વહેચવામાં આવે છે.માનવીની મૂળભૂત જરૂરિયાતો તથા આંતરમાળખાકીય સુવિધાના કારણે વ્યક્તિ અને દેશનો વિકાસ કઈ દિશામાં થઈ રહ્યો છે તેનો ખ્યાલ આવે છે.વિકાસમય પ્રક્રિયામાં શિક્ષણ આધારભૂત પાયો છે વર્તમાન અંદાજપત્ર ની કુલ રકમ 4.08.053 કરોડ માંથી સૌથી વધુ ખર્ચ શિક્ષણ વિભાગ પાછળ 66.369 કરોડ એ પુરવાર કરે છે કે વ્યક્તિ અને દેશ ના વિકાસમાં શિક્ષણ કેટલું મહત્વ નું છે.પરંતુ વર્તમાન સમયમાં શિક્ષણનું મહત્વ છે ખરું? શિક્ષણપ્રણાલી કૌશલ્યપૂર્ણ વ્યક્તિ બહાર પાડે છે ખરા?

ભારતના વિકસિત રાષ્ટ્ર બનવાના સ્વપ્નને સાકાર કરવા શિક્ષણમાં નવીન પરિવર્તન અનિવાર્ય છે.દેશની વિશાળ યુવા વસ્તીને ગોખરપટ્ટીને બદલે કૌશલ્ય. સંશોધન અને આધુનિક માંગ મુજબનું રોજગારલક્ષી શિક્ષણ નહીં મળે તો યુવાપેઢી રાષ્ટ્ર માટે બોજરૂપ બનશે.માત્ર ભૌતિક વિકાસ પૂરતો નથી.ગરીબી.બેરોજગારી તથા વિવિધ અસમાનતા દૂર કરી વિકસિત અને વૈશ્વિક મહાસત્તા બનવા દેશના ગ્રામ્ય વિસ્તાર સુધી સમાન અને કૌશલ્યલક્ષી ઉચ્ચ ગુણવત્તાલક્ષી શિક્ષણ જ એક સક્ષમ શસ્ત્ર છે.સ્વ ડૉ.એ પી જી અબ્દુલ કલામે કહ્યું હતું કે 2030 સુધીમાં ભારત વિશ્વસત્તા બનશે કારણ તેની પાછળ યુવાધન છે અને આ યુવાધનને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળતા ભારત વિશ્વસત્તા પ્રાપ્ત કરે એમાં કોઈ અતિશયોકિત નથી.

**નવસારી -વિરલકુમાર ટંડેલ**

## મોંઘવારીનો માર

મોંઘવારીએ માઝા મૂકી છે. તો બચત ક્યાંથી થઈ શકે? વર્તમાન સમયનું સર્વસ્વીકાર્ય સત્ય છે અને સૌથી વધુ અસર મધ્યમવર્ગીય માનવી આ મોંઘવારીનો માર સહન કરે છે! જ્યાં શિક્ષણ પાછળ જ અનહદ ખર્ચ થતો હોય તો આજનું યુગલ બીજા સંતાન માટે કેવી રીતે વિચારી શકે? એક સંતાન પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થતો હોય તો બીજું સંતાન પણ ખર્ચાળ જ નિવડે ને? અને બાળક જેમ જેમ મોટું થાય તેમ અન્ય ખર્ચ પણ વધતો જાય. આજના હરીફાઈયુગમાં સ્કૂલ ફી, ટ્યુશન ફી, કપડાં લત્તા, ખીસા ખર્ચી, વાહનોમાં ઈંધણનાં ખર્ચા વિ. અનેક ખર્ચા વાલીઓએ સંતાનો માટે કરવાના હોય છે. એડમિશન ખર્ચ કઈ રીતે ભૂલી શકાય? ધનવાન વર્ગને નાણાંકીય ચિંતા કદાચિત ન સતાવતી હોય પણ મધ્યમવર્ગીય યુગલ બીજા સંતાન માટે ચિંતાનો વિષય બની જાય છે. પહેલાંના સમયમાં પાંચ-છ સંતાનો સોંઘવારીમાં અવશ્ય ઉછરી જતાં પણ હવે એ બિલકુલ શક્ય નથી. માનસિક રીતે પણ વધુ સંતાનો સહન થઈ શકતાં નથી. હાઈપર એક્ટિવ સંતાન માતાપિતા માટે ચિંતાનો વિષય બની જાય છે. પણ બીજું સંતાન કે ત્રીજું સંતાન ન લાવવા માટે મોંઘવારીનો માર વધુ જવાબદાર છે.

**સુરત -નેહા શાહ**

## શક્તિરૂપેણ સંસ્થિતામ્

આજે 13 જૂન ને શનિવારે એક SMC ની શાળામાં વિદ્યાર્થીઓ ને વાંચન સામગ્રી આપવા જવાનુ થયુ ત્યારે એક ટીચરજી એ આજના ‘’મિત્ર” ની પૂર્તિ “સન્નારી” માં આવેલ તેણીના વિશેનો લેખ બતાવ્યો. ચર્ચાપત્ર “અંગત પ્રશંસા ના થઈ જાય અને આર્મીના બેક ગ્રાઉન્ડ ને કારણે તેણીના વિશે જે કંઇ લખ્યુ છે એ વિશે એટલુ જ લખીશ કે લોટ જેટલો મસળાશે એટલો રોટલો “સરસ” થશે.

ને હા, તેણી ને જે વય દર્શાવી છે, તે વિશે પણ એટલુ જ લખીશ કે આ “ક્ષણ-ભંગુર” દેહ ને જેટલો કસશો એટલો મજબૂત થશે.

ઘડપણ માં આ શરીર થી ધર્મ પણ કરી શકાશે. તેમણે પોતાના પતિ, સાસુ-સસરા ના સહયોગ નો જે ઉલ્લેખ કર્યો છે તે દર્શાવે છે કે સમસ્ત પરિવાર ગુણવાન છે.

અંત મા એટલુ જણાવીશ કે બાળકો રાષ્ટ્ર નુ ભવિષ્ય છે. તેણીની સાથે ના અન્ય શિક્ષકો માં પણ આ ગુણ જોવા મળે છે. ટીમના કેપ્ટન (આચાર્યશ્રી) પણ હોદ્દા અનુસાર કર્તવ્ય નિષ્ઠ છે. અનુભવ ના આધારે કહીશ કે “વિદ્યાર્થીઓ નુ હિત એમ ને માટે સર્વોપરિ છે. જેમ એક સરોવર તેના પાણી અને કમળ થી શોભે છે તેમ આ નિશાળ એ સૌ લોકો થી શોભે છે. અને છેલ્લે આ બધુ જેના માટે છે તે શાળા ના વિદ્યાર્થીઓ... જેન્ટલ કેડેટ, કેડેટ કે પછી રૂષિકુમાર જે કોઈ સમાનાર્થિ શબ્દ હોય તે, બાળકો જ એ લોકોની કેળવણીનો પુરાવો છે.

**સુરત -ચેતન સુશીલ જોષી**

## શું આપણે અમેરિકાના ખંડિયા રાષ્ટ્ર છીએ?

અમેરિકા/ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુધ્ધને કારણે આપણા દેશ પર ભારે આર્થિક સંકટ તો ઘેરાયું જ છે પરંતુ અમેરિકા ધ્વારા હોર્મુઝ ખાડીની નાકાબંધી અને તેના ફળસ્વરૂપ વાણિજ્યિક જહાજો પરના તેની નેવીના હુમલાઓને કારણે તાજેતરમાં આપણા ત્રણ સાગરખેડૂઓએ તે જળક્ષેત્રમાં પોતાનાં જીવ ગુમાવ્યા છે. આ બીના ખૂબ જ ગંભીર અને અમેરિકાની હદ બહારની જગતજમાદારી અને નાગડદાઈની પરિચાયક છે. અધૂરામાં પૂરું, આપણા વિદેશ મંત્રીએ તેમના અમેરિકી સમકક્ષ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે તેમને સુફિયાણી સલાહ આપવામાં આવી કે અમેરિકન નાકાબંધીનું પાલન થવું આવશ્યક છે. આ અને નજીકનાં ભૂતકાળની અનેક ઘટનાઓ એ દર્શાવે છે કે અમેરિકા આપણે તેનાં ખંડિયા રાષ્ટ્ર હોઈએ એ રીતે આપણને ટ્રીટ કરી રહ્યું છે. આ પરિસ્થિતિ એક સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે આપણી નબળાઈની પરિચાયક હોય ઈચ્છનીય નથી.

**નવસારી -કમલેશ મોદી**

## ગેસ અને લાઈટબીલ

નવા મીટર ઘણી સોસાયટીઓનાં રહેવાસીઓની ના હોવા છતાં ઠોકી બેસાડ્યા, હવે બીલ મોકલવાની પધ્ધતિ બંધ થવા પર છે. જેઓ ઓછું ભણેલાં છે, મોબાઈલમાં સંદેશાની આપ લે કરી શકતાં નથી, જેમના મોબાઈલ જૂના હોવાને કારણે સંદેશા સ્પષ્ટપણે આપતા નથી. 75 થી 80 વર્ષે મારા 87 ચાલે છે તેમને બહુ દેખાતું- સંભળાતું નથી તેઓ શું કરશે? માટે આવા ગ્રાહકો માટે બીલ રવાના કરવા હિતાવહ છે. ઘરમાં એકલા જ છે.મારી જન્મ તારીખ 1939માં આવે છે. શું કરી શકું? બીલ આવતાં તો સજાગ થઈ જતાં અને તારીખ પહેલાં બીલ ભરવાની વ્યવસ્થા સર્વેમાં કરતા. આ વ્યવસ્થા ગમે તે રીતે આવી હોય પણ બહુજનહિતાય ઉંમરલાયક ગ્રાહકોને બીલ અચૂક પાઠવવા હિતકારી, કંપનીનું બીલ ન ભરાય અજાણતામાં તો પણ કનેક્શન કાપી જ જશે. માટે મારું નમ્ર સૂચન છે. વૃધ્ધોનાં બીલ જૂની રીતે જ આપો.

**સુરત -કુમુદભાઈ બક્ષી**

## વિદ્યાર્થીનું ભાવિ પરીક્ષાની નિષ્પક્ષતાથી ઘડાય છે

આપણે ત્યાં છાસવારે મહત્વની જાહેર પરીક્ષાઓના પેપર ફૂટવાના અને અન્ય ગેરરીતિઓ આચરવાના બનાવો બને છે. બીજી તરફ, તાજેતરમાં ચીનમાં ‘ગાઓકાઓ’ તરીકે ઓળખાતી રાષ્ટ્રીય યુનિવર્સિટી પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ થઈ. આ પરીક્ષા વિશ્વની સૌથી મોટી અને સૌથી કઠિન પ્રવેશ પરીક્ષાઓમાંની એક ગણાય છે. અખબારી અહેવાલો મુજબ સવા કરોડથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો. ચીનના વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા તેમના ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીનું ભવિષ્ય નક્કી કરતો મહત્વપૂર્ણ પડાવ છે. દેશભરમાં પરીક્ષા દરમિયાન ટ્રાફિક નિયંત્રણ, તબીબી સહાય, સ્વયંસેવકોની સેવાઓ અને પરીક્ષાર્થીઓને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ચીન સરકાર દ્વારા પરીક્ષાની નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે એ.આઈ.ની મદદથી વિશેષ સુરક્ષા, પરીક્ષા કેન્દ્રોની દેખરેખ અને ટેક્નોલોજીના દુરુપયોગને રોકવા માટે વિશેષ પગલાં લેવામાં આવ્યા હતા.સૌથી મોટી વાત એ થઈ કે, આ પરીક્ષા માટે આખા દેશમાં લોકોએ રોજગાર-ધંધા બંધ રાખ્યા હતા, રોડ પર ટ્રાફિક શાંત થઈ ગયો હતો. વિદ્યાર્થીઓને કશી અગવડ ન પડે તેનો વિશેષ ખ્યાલ રખાયો હતો. આ પરીક્ષાની સફળતા દર્શાવે છે કે, યોગ્ય આયોજન, પારદર્શિતા અને સામાજિક સહકાર દ્વારા ખૂબ મોટા પાયે પણ પરીક્ષાઓનું સફળ સંચાલન શક્ય બને છે. આ પરીક્ષાએ વિદ્યાર્થીનું ભવિષ્ય માત્ર પરીક્ષાથી નહીં, પરંતુ પરીક્ષાની નિષ્પક્ષતાથી પણ ઘડાય છે. શું વિશ્વગુરૂ બનવા નીકળેલા આપણા દેશમાં આવી વહીવટી સૂઝ અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાની કલ્પના થઈ શકે ખરી?

**સુરત - સુનીલ શાહ**